## મે. સુરતના જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ (પ્રથમ કોર્ટ) સાહેબશ્રીની કોર્ટમાં

**ફોજદારી કેસ નંબર ૧૬૦૦૩ સને ૨૦૨૩,**

**આંક –**

ફરીયાદીઃ – શ્રી સરકાર

વિરુદ્ધ

આરોપીઃ – (૧) સમશેર મોહ. જસીન શેખ (૨) રાજકુમાર કુવરલાલ પાલ
(૩) મોહ.નઈમ મોહ. મુસ્લીમ રાઈન (૪) પિન્ટુભાઈ બળમદેવસિંગ રમાલી
(૫) મોહ.દાનિશ મોહ. સલાઉદીન બીરાદર

ગુનોઃ – જુગારધારા કલમ – ૧૨ મુજબ

**// ચુકાદો //**

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનો આરોપીઓએ બનાવ સ્થળે જુગાર રમતા ઝડપાઇ જઇ આરોપીઓએ જુગાર ધારા ની કલમ – ૧૨ મુજબનો ગુનો કરેલ છે.

2. આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી ત્યાર બાદ આરોપીઓએ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતા આરોપીઓની પ્લી લઇ તેને પુછતા આરોપીઓએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીઓએ કરેલી કબુલાત એ કોઇના દાબ, દબાણ વગર સ્વેચ્છાએ કરેલ હોય તે નહી માનવા માટે મને કોઇ કારણ જણાતું નથી. આરોપીઓને સજા અંગે પુછતા જણાવેલ છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે. ગુના બદલ અફસોસ વ્યક્ત કરી દયાની માંગણી કરે છે. ઉપરોક્ત સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઇ જોતા ન્યાયના હીતમાં આરોપીઓની કબુલાત સ્વીકારી નીચે મુજબ હુકમ કરુ છુ.

**// હુકમ //**

1. આ કામના આરોપીઓને ક્રિ.પ્રો.કો. ની કલમ – ૨૫૨ હેઠળ જુગાર ધારા ની કલમ – ૧૨ મુજબના ગુના માટે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. દરેક આરોપી ને રૂ૦ ૧૦૦/– (અંકે રુપીયા એકસો પુરા) કુલ રૂ. ૫૦૦/– (અંકે પાંચસો પુરા)નો દંડ, જો દંડ ના ભરે તો દિન – ૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
2. અન્ય આરોપીઓ સામેના કેસ બાકી ન હોય તો સદરહુ કામે આરોપીઓએ પુરસીસથી અંગ જડતીના નાણા તેમજ દાવ ઉપરના નાણા અંગે નો કલેઇમ પુરસીસ આપેલ હોય જેથી મુદ્દામાલ પાવતીમાં જણાવેલ અંગ જડતીના નાણા તથા દાવ ઉપરના નાણા સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ કબ્જે કરેલ મુદ્દામાલ મોબાઇલ માલીકીની ખરાઇ કરી ખરા માલીકને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તા. ૦૯/૧૨/૨૦૨૩**

**સુરત.**

**(આઈ.એસ.ભાટી)**

**જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ**

**(પ્રથમ કોર્ટ), સુરત**